RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૬૨૧ તા.૧૦–૨–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળા :– ડે.કમિશ્નર અને ત.જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)
ડે.કમિ.(ફા) અને નોડલ ઓફિસર આરટીઆઈ સેલ

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથાવરની તા. ૩૧–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમો અરજદારે આપ કમિશ્નરશ્રીને સંબોધીને તા. ૨૫–૧૧–૧૨ના રોજ આપશ્રીની કચેરીની સેક્રેટરી ઓફિસની તા. ૧૬–૧૧–૦૫ની જાહેરાત નં.પી.આર.ઓ ૪૧૯થી ત્રીજી શ્રેણીના ૧૩ કલાર્કોની ખાલી જગ્યાની નિમણૂંકમાં જાહેરાતના મુદ્દા નં. ૪માં કોમ્પ્યુટર વિન્ડોઝ એન્ડ ઓપરેટીંગ સીસ્ટમનો ૧૩માંથી એક પણનો ઓફિસ ઓટોમેશન સ્યૂટનો એક વર્ષનો અનુભવ ધરાવતા ન હોવા છતાં સેક્રેટરીશ્રી હીરાભાઈ એચ.પટેલ અને સ્ટાફ સિલેકશન સમિતિના અધિકારીઓએ ફકત એલ.જી–લાગવગ સગાવાદ અને સેટીંગના અનુભવના આધારે ત્રીજી શ્રેણીના ૧૩ કલાર્કોની નિમણૂંક આવેલ છે જે અંગેની અરજી આવેલ જેની આપશ્રી મહેરબાન કમિશ્નરશ્રીએ આખરી નિકાલ અંગેની શું કાર્યવાહી કરી જે અંગેની માહિતીની નકલ આપવા વિનંતી છે વિ. મુદ્દા નં. (૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૦–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૨૧/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથાવરની તા. ૩૧–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમો અરજદારે આપ કમિશ્નરશ્રીને સંબોધીને તા. ૨૫–૧૧–૧૨ના રોજ આપશ્રીની કચેરીની સેક્રેટરી ઓફિસની તા.૧૬–૧૧–૦૫ની જાહેરાત નં.પી.આર.ઓ ૪૧૯થી ત્રીજી શ્રેણીના ૧૩ કલાર્કોની ખાલી જગ્યાની નિમણૂંકમાં જાહેરાતના મુદ્દા નં. ૪માં કોમ્પ્યુટર વિન્ડોઝ એન્ડ ઓપરેટીંગ સીસ્ટમનો ૧૩માંથી એક પણનો ઓફિસ ઓટોમેશન સ્યૂટનો એક વર્ષનો અનુભવ ધરાવતા ન હોવા છતાં સેક્રેટરીશ્રી હીરાભાઈ એચ.પટેલ અને સ્ટાફ સિલેકશન સમિતિના અધિકારીઓએ ફકત એલ.જી–લાગવગ સગાવાદ અને સેટીંગના અનુભવના આધારે ત્રીજી શ્રેણીના ૧૩ કલાર્કોની નિમણૂંક આવેલ છે જે અંગેની અરજી આવેલ જેની આપશ્રી મહેરબાન કમિશ્નરશ્રીએ આખરી નિકાલ અંગેની શું કાર્યવાહી કરી જે અંગેની માહિતીની નકલ આપવા વિનંતી છે વિ. મુદ્દા નં. (૧)થી (૨)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૦–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૮૨૭ તા. ૨૩–૨–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને કમિશ્નરશ્રીને આપેલ અરજીની નકલ તથા લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મળેલ માહિતીની વિગતો સહ મુદ્દાવાઈઝ, જાહેર માહિતી અધિકારીવાઈઝ નારાજગી આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર /૧૦૬૫ તા. ૩–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મૂળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૮૭૫ તા. ૨–૧–૧૨થી ઈ.ચા.સેક્રેટરી તથા આસી.નોડલ ઓફિસર આરટીઆઈ સેલને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, જે સેક્રેટરી વિભાગ તરફથી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૯૩૪ તા. ૧૧–૧–૧૨થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ તથા પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૩૧૦ તા. ૨૯–૬–૧૧ના પત્રની નકલ અત્રે રજુ કરેલ છે.

અરજદારની તા. ૩૧–૧૨–૧૧ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માગતી અરજી કમિશ્નર અને સક્ષમ અધિકારી ડે.કમિ.(ફા) અને એપેલેટ ઓફિસરને સંબોધતી માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન

ખાતે કરવામાં આવેલ જે સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૮૭૫ તા. ૨–૧–૧૨થી નિયત સમય અવધિમાં ઈ.ચા. સેક્રેટરી , સેક્રેટરી બ્રાંચ તેમજ આસી. નોડલ ઓફિસર આરટીઆઈ સેલને તબદીલ કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી મહેકમ /તદર્થ સ. સુરત મહાનગરપાલિકાએ ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટને તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ/આ.નં./૧૭૮૯ તા. ૧૮–૨–૧૨થી અરજદારની અપીલ અરજી મ્યુ. સેક્રેટરી અને અપીલ અધિકારીને અશંતઃ તબદીલ કરવામાં આવેલ તથા અશંતઃ અંગે અરજદારની અપીલ અંગે બન્ને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી તા. ૨૯–૨–૧૨થી પૂરક વિગતો મળેલ. જેમાં અરજદારે સેક્રેટરી વિભાગને સ્પર્શતા મુદ્દા નં. ૧ કારકુનોની ભરતી બાબતે ગેરરીતિ હોવાનું જણાવી રજુઆત કરેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ પૂરક વિગતોમાં અરજદારને મુદ્દા નં. ૨ અંગે પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૯૩૪ તા. ૧૧–૧–૧૨થી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૧) અમો અરજદારે આપ કમિશ્નરશ્રીને સંબોધીને તા. ૨૫–૧૧–૧૨ના રોજ આપશ્રીની કચેરીની સેક્રેટરી ઓફિસની તા. ૧૬–૧૧–૦૫ની જાહેરાત નં.પી.આર.ઓ ૪૧૯થી ત્રીજી શ્રેણીના ૧૩ કલાર્કોની ખાલી જગ્યાની નિમણૂંકમાં જાહેરાતના મુદ્દા નં. ૪માં કોમ્પ્યુટર વિન્ડોઝ એન્ડ ઓપરેટીંગ સીસ્ટમનો ૧૩માંથી એક પણનો ઓફિસ ઓટોમેશન સ્યૂટનો એક વર્ષનો અનુભવ ધરાવતા ન હોવા છતાં સેક્રેટરીશ્રી હીરાભાઈ એચ.પટેલ અને સ્ટાફ સિલેકશન સમિતિના અધિકારીઓએ ફકત એલ.જી–લાગવગ સગાવાદ અને સેટીંગના અનુભવના આધારે ત્રીજી શ્રેણીના ૧૩ કલાર્કોની નિમણૂંક આવેલ છે જે અંગેની અરજી આવેલ જેની આપશ્રી મહેરબાન કમિશ્નરશ્રીએ આખરી નિકાલ અંગેની શું કાર્યવાહી કરી જે અંગેની માહિતીની નકલ આપવા વિનંતી છે (૨) અમો અરજદારે તા. ૧૭–૬–૧૧નાં રોજ આરટીઆઈ એકટ–૨૦૦૫ ની અરજી આઈ.ડી નં. ૩૬૧ આપેલ અરજી આપશ્રીની કચેરીના જાહેર માહિતી અધિકારીઓએ પોતાની જવાબદારીમાં બેદરકારી કરી જે કુલ ૨૨૪ હેવી વ્હીકલ ડ્રાઈવરોની માહિતીમાં જવાબની માહિતી પારદર્શિ, યોગ્ય અને પૂરતી ન આપેલ હોવાથી તા. ૨–૮–૧૧ના રોજ પ્રથમ અપીલ અરજી અમો અરજદારે કરેલ. જેમાં આપશ્રીની કચેરીનાં જવાબદાર–પગારદાર ડે.કમિ. (સ્પે.) અને એપેલેટ ઓફિસરશ્રીના વિભાગમાંથી ગુમ થયેલ, જેથી અમો અરજદારે તા. ૨૫–૧૧–૧૧ના રોજ સદર પ્રથમ અપીલ અરજીના તમામ પેપરોની ઝેરોક્ષ નકલો ફરી આપેલ. વધુમાં આપશ્રીની કચેરીના પર્સોનલ આસી. નોડલ ઓફિસર આરટીઆઈ સેલના તા. ૨૨–૧૧–૧૧ના પત્ર નં. આરટીઆઈ સેલ/૧૧૨૮થી અમો અરજદાર પાસે આગળ પ્રથમ અપીલ ગુમ કરેલ. જેના અનુસંધાનમાં સ્પષ્ટતા માંગેલ જે અમો અરજદારે પાઠવેલ છે. જેથી અમો અરજદારની તા. ૨–૮–૧૧ની પ્રથમ અપીલ અરજીની યોગ્ય કાર્યવાહી તાત્કાલિક તૈયાર કરી પાઠવશો. જે અંગેની માહિતીની નકલ આપવા વિનંતી છે. અન્યથા યોગ્ય ફોરમમાં જવાની ફરજ આપશ્રીના બેજવાબદારી અર્થે જ અમો અરજદારને પડશે. જેની નોંધ લેશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૯૩ ૪ તા. ૧૧–૧–૧૨થી નિયત સમય અવધિમાં અરજદારને માંગવામાં આવેલી માહિતી અન્વયે મુદ્દા નં. ૨માં આઈડી નં. ૩૬૧ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી તા. ૨૯–૬–૧૧ના પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૩૧૦થી આપેલ જવાબ યથાવત્ હોય તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૩૧૦ તા. ૨૯–૬–૧૧થી આપવામાં આવેલ જવાબમાં રીક્રુટમેન્ટ કચેરીને લાગુ પડતુ ન હોય, તેઓની કચેરીનો રીપોર્ટ નીલ છે. વધુમાં અજરદારે મુદ્દા નં. ૨ માં તેઓની તા. ૧૭–૬–૧૧ની તા. ૨–૮–૧૧ની અરજી બાબતે અત્રેની કચેરીએ તા. ૧૯–૧૧–૧૧ના રોજ ફોરવર્ડીંગ કાગળમાં પોતાની અરજી બાબતે રજુઆત કરેલ. જેના સંદર્ભે અરજદારને અત્રેથી મુદ્દા નં. ૨માં જણાવ્યા મુજબ આરટીઆઈ સેલ/૧૧૨૮ તા. ૨૨–૧૧–૧૧થી તેમની તા. ૨–૮–૧૧ની અપીલ અત્રે નોંધાયેલ નથી તેવો પ્રત્યુત્તર રજુ કરેલ અને અપીલ બાબતે આધાર પુરાવા રજુ કરવા જણાવેલ. જેના સંદર્ભે અરજદારે મુદ્દા નં. ૨માં જણાવ્યા પ્રમાણે તા. ૨૫–૧૧–૧૧ના રોજ અપીલ સંદર્ભે પેપરો રજુ કરેલ. જે બાબતે અપીલ અંગેની કાર્યવાહી કરી અરજદારને આરટીઆઈ સેલ/૧૫૫૬ તા. ૨૦–૧–૧૨થી હુકમ કરી પ્રથમ અપીલનો નિકાલ કરવામાં આવેલ છે. જે અંગે અરજદારને હુકમના નકલની કોપી અત્રેથી આરટીઆઈ સેલ પત્ર નં. ૨૮૮ તા. ૧૦–૫–૧૨થી પુનઃ મોકલવામાં આવેલ છે. આથી અરજદારને મુદ્દા નં. ૨ બાબતે તકરારનો કોઈ પ્રશ્ન રહેતો નથી, જયારે મુદ્દા નં. ૧ અંગે અશંતઃ કાર્યવાહી માટે ઈ.ચા.સેક્રેટરી અને અપેલેટ અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૦–૨–૧૨ ધ્યાને લેતાં ૧૦–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૫–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૩૧–૧૨–૧૧ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અત્રેના કાર્યક્ષેત્ર હેઠળના જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં. ૨ ની માહિતી પુરી પડાયેલી હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, ડે.કમિશ્નર અને ત.જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ), ડે.કમિ.(ફા) અને નોડલ ઓફિસર આરટીઆઈ સેલ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,